# મોરબી મહાનગરપાલિકા-મોરબી

મોરબી મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગો માટે ૧૧ માસના કરાર આધારીત તદ્દન હંગામી ધોરણે નીચે મુજબની જગ્યાઓ ભરવાની થાય છે. જે માટે લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ મોરબી મહાનગરપાલિકા કચેરીએ સ્પીડ પોસ્ટના માધ્યમથી જરૂરી તમામ પ્રમાણપત્રો સહિત અરજી કરવાની રહેશે.

| અ.નં. | જગ્યાની વિગત | લાયકાત | અનુભવ | સંખ્યા | પગાર માસીક (ફિક્સ) |
|---|---|---|---|---|---|
| ૧ | સેનેટરી ઈન્સ્પેકટર | સરકાર માન્ય ડિપ્લોમા સેનેટરી ઈ-સ્પેક્ટરનો કોર્પ | નગરપાલિકા અથવા મહાનગરપાલિકા નો ૦૨ વર્ષનો અનુભવ | ૨ | રૂ. ૩૦,૦૦૦/- |
| ૨ | સેનેટરી સબ ઇન્સ્પેકટર | સરકાર માન્ય ડિપ્લોમા સેનેટરી ઈ-સ્પેક્ટરનો કોર્પ | - | ૧૩ | રૂ. ૨૫,૦૦૦/- |
| ૩ | પ્લાનીંગ આસિસ્ટન્ટ | બી.ઈ સિવિલ/બી.ટેક સિવિલ /બી. ઈ આર્કિટેકચર | ટાઉન પ્લાનીંગને લગતી કામગીરીને લગતો ૨ વર્ષનો અનુભવ | ૪ | રૂ. ૩૫,૦૦૦/- |
| ૪ | સર્વેયર | ડિપ્લોમા ઇન સિવિલ એન્જીનીયરીંગ | ૨ વર્ષનો અનુભવ | ૧૩ | રૂ. ૨૫,૦૦૦/- |
| ૫ | કેડ ઓપરેટર | આઈ.ટી.આઈ. સિવિલ ડ્રાફ્ટમેનનો બે વર્ષનો કોર્ષ કરેલ | ૩ વર્ષનો અનુભવ | ૩ | રૂ. ૨૦,૦૦૦/- |
| ૬ | સિવિલ ઇજનેર | બી.ઈ. સિવિલ | ૨ વર્ષનો અનુભવ | ૪ | રૂ. ૩૫,૦૦૦/- |
| ૭ | સિવિલ ઇજનેર | ડિપ્લોમા ઇન સિવિલ એન્જીનીયરીંગ | ૩ વર્ષનો અનુભવ | ૮ | રૂ. ૩૦,૦૦૦/- |
| ૮ | IT એક્સપર્ટ | B.E/B.Tech-IT M.E/M.Tech-IT BCA/B.SC-IT MCA/M.SC-IT | ૨ વર્ષનો અનુભવ | ૧ | રૂ. ૩૦,૦૦૦/- |
| ૯ | વર્ક આસીસ્ટન્ટ | ડિપ્લોમા ઇન સિવિલ એન્જીનીયરીંગ | - | ૧૩ | રૂ. ૨૦,૦૦૦/- |
| ૧૦ | લીગલ ઓફિસર | 1) not be more than 40 years of age<br>(2)A degree in law(special) or Law with 5 years' course after Higher Secondary Certificate (H.S.C.) of any of the Universities incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized by the Government or deemed to be a University under section 3 of the University Grant Commission Act, 1956; and<br>(3) the basic knowledge of computer application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967.<br>(4) adequate knowledge of Gujarati ar.d/or Hindi.<br>(5) have about two years experience of legal matters in local bodies or Government undertakingBoard/Corporation or Limited Company established by law. | ૨ વર્ષનો અનુભવ (જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખે ૪૦ વર્ષ થી વધુ નહી) | ૧ | રૂ. ૪૦,૦૦૦/- |
| ૧૧ | રીકવરી ઓફિસર | B.COM/M.COM | ૨ વર્ષનો અનુભવ | ૧૦ | રૂ. ૨૦,૦૦૦/- |
| ૧૨ | ઓટો મોબાઈલ ઈજનર | ડીપ્લોમાં ઓટો મોબાઈલ | ૩ વર્ષનો અનુભવ | ૧ | રૂ. ૨૭,૦૦૦/- |
| ૧૩ | મિકેનીક | આઈ.ટી.આઈ. મીકેનીકનો કોર્ષ કરેલ | ૨ વર્ષનો અનુભવ | ૨ | રૂ. ૨૦,૦૦૦/- |
| ૧૪ | લાઇવ સ્ટોક ઇન્સ્પેકટર | માન્ય યુનીવર્સીટીનો પશુધન નિરીક્ષક તાલીમનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ(સર્ટીફીકેટ કોર્ષ) | - | ૧ | રૂ. ૨૦,૦૦૦/- |
| ૧૫ | અર્બન પ્લાનર | સ્નાતક અથવા અનુ સ્નાતક ડીગ્રી ઇન અર્બન પ્લાનિંગ અથવા રીજીયોનલ પ્લાનિંગ અથવા જીયોગ્રાફી | - | ૧ | રૂ. ૫૦,૦૦૦/- |
| ૧૬ | અર્બન ડીઝાઇનર | સ્નાતક અથવા અનુ સ્નાતક ડીગ્રી ઇન અર્બન પ્લાનિંગ અથવા રીજીયોનલ પ્લાનિંગ અથવા જીયોગ્રાફી | - | ૧ | રૂ. ૫૦,૦૦૦/- |
| કુલ | | | | ૭૮ | |

શરતો :-

(૧) લાયકાત ધરાવતા અને ઈચ્છુક તમામ ઉમેદવારોએ પોતાની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા.-૨૫-૦૨-૨૦૨૫ના સમય સાંજના ૬:૦૦ વાગ્યા સુધીમાં ડેપ્યુટી કમિશનરશ્રી(વહીવટ), મોરબી મહાનગરપાલિકા, ગાંધી ચોક, મોરબી-૩૬૩૬૪૧ તા.જી.મોરબી ખાતે ફકત સ્પીડ પોસ્ટ/ રજીસ્ટર પોસ્ટથી મોકલવાની રહેશે.દરેક ઉમેદવારે કવર/પરબીડીયા ઉપર પોતાનું નામ, મોબાઈલ નંબર અને e-mail id અને જે તે પોસ્ટ/જગ્યાનું નામ લખવાનું રહેશે.

૨) ઉમેદવારે પોતાની અરજી સાથે બાયોડેટા, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, શાળા છોડયા અંગેનુ પ્રમાણપત્ર અથવા જન્મનો દાખલો, અનુભવ અંગેના પ્રમાણપત્રો(જો લાગુ પડે તો), તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો જેવા ડોક્યુમેન્ટ ની સ્વપ્રમાણીત નકલ અરજી સાથે રજૂ કરવાની રહેશે.

(૩) ઈન્ટરવ્યુ માટેની તારીખ અને સમયની જાણ E-Mai અને WhatsApp lના માધ્યમથી કરવામાં આવશે. ઇન્ટરવ્યુ મોરબી મહાનગરપાલિકા-મોરબી, ગાંધી ચોક, મોરબી-૩૬૩૬૪૧ તા.જી.મોરબી ખાતે રાખવામાં આવેલ છે.

(૪) તમામ ઉમેદવારોએ અરજીમાં પોતાનો મોબાઈલ નંબર અને ઈમેલ આઈ.ડી. અચુક લખવાનું રહેશે. ઈન્ટરવ્યુ અંગેની જાણ watsapp અથવા Emall દ્વારા જ કરવામાં આવશે. અન્ય કોઈપણ પ્રકારે જાણ કરવામાં આવશે નહી. જો ઉમેદવાર હાજર નહી રહે તો કોઈપણ સંજોગોમાં બીજો સમય આપવામાં આવશે નહી અને તેમની ઉમેદવારી અંગે કોઈ દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) ફિક્સ પગાર સિવાય અન્ય પગાર કે ભથ્થા કે સરકારી લાભ મળવાપાત્ર રહેશે નહી.

(૬) મોરબી મહાનગરપાલિકા, ગાંધી ચોક, મોરબી-૩૬૩૬૪૧ તા.જી.મોરબી ખાતે ઈન્ટરવ્યુ સમયે ઉમેદવારોએ સ્વખર્ચે અને પોતાના જોખમે હાજર રહેવાનું રહેશે. તથા ઇન્ટરવ્યુ સમયે તમામ અસલ પ્રમાણપત્રો લાવવાના રહેશે.

(૭) સદરહું ભરતી તદન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારીત રહેશે.

(૮) ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા મૌખિક રૂબરૂ ઈન્ટરવ્યુ દ્વારા કરવામાં આવશે. કોઇપણ પ્રકારની ભલામણ સ્વીકારવામાં આવશે નહી. આવું કરનાર ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે તેમજ ઉમેદવારની પસંદગી અંગેની તમામ સત્તા કમિશનરશ્રી, મોરબી મહાનગરપાલિકાને અબાધીત રહેશે. જે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.

(૯) આ બાબતે ન્યાય ક્ષેત્ર મોરબી રહેશે.

(૧૦) નિયત સમયમર્યાદા બાદ આવેલ કોઈ પણ અરજી દફતરે (માન્ય ગણાશે) કરવામાંઆવશે

(૧૧) ઉમેદવારની નિમણુક બાબતે મહાનગરપાલિકાએ લીધેલ નિર્ણય સર્વેને બંધનકર્તા રહેશે.

(૧૨) કોઈપણ ઉમેદવારની અરજી મંજુર કે ના મંજુર કરવાના સર્વે હક્ક કમિશનરશ્રી, મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

(૧૩) જો કોઇપણ સંવર્ગમાં ૩૦૦ થી વધુ અરજીઓ આવશે, તો સંબંધિત લાયકાતની ડીગ્રીની ટકાવારી ધ્યાને લઈ મેરીટ બનાવવામાં આવશે અને તેના આધારે ૩૦૦ અરજીઓ સુધીના ઉમેદવારોને જ ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવશે. જે નિર્ણય તમામ ઉમેદવારોને

બંધન કર્તા રહેશે.

મો.મ.ન.પા letter No:MRBNP/0039/02/2025, ta.-12-02-2025

નાયબ કમિશનર(વહીવટ)

મોરબી મહાનગરપાલિકા